**વાલીયાના મહેરબાન જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની**

**કોર્ટમાં, મુ.વાલીયા**

**ફોજદારી કેસ નં. ૫૪૯/૨૦૨૬**

**આંક–**

શ્રી સરકાર ....ફરીયાદી.

**<u>વિરૂધ્ધ</u>**

(૧) રોહનભાઈ જગદિશભાઈ વસાવા .....આરોપીઓ.

રહે.નવા ભાગા સ્કુલ ફળીયુ,તા.વાલીયા જી.ભરૂચ

(૨) પિંકેશભાઈ ચંપકભાઈ વસાવા

રહે.નવા ભાગા સ્કુલ ફળીયુ,તા.વાલીયા જી.ભરૂચ

(૩) પ્રતિકભાઈ રોહિતભાઈ વસાવા

રહે.નવા ભાગા સ્કુલ ફળીયુ,તા.વાલીયા જી.ભરૂચ

(૪) પ્રદિપભાઈ દિનેશભાઈ વસાવા

રહે. જુનાભાગા સ્કુલ ફળીયુ,તા.વાલીયા જી.ભરૂચ

**ગુન્હો :– જુગાર ધારાની કલમ : ૧૨ મુજબ...**

**<u>–:: ચુકાદો ::–</u>**

(૧) આ કામના આરોપીઓ વિરુધ્ધ પોલીસ ધ્વારા જુગાર ધારાની કલમ : ૧૨ મુજબનો ગુનો નોધાયેલ છે અને ત્યારબાદ આરોપી વિરુધ્ધ

પુરતો પુરાવો જણાતા અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ આજરોજ હાજર થતા, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પૂરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોઈ, ગુના કબૂલાત પુરશીશ રજુ કરેલ છે જે ધ્યાને લેતા આરોપી સ્વેચ્છાપૂર્વક ગુનો કબુલ કરવા માંગતા હોઈ, કબુલાત સ્વીકારી, આરોપીને તેમની સામેના ગુનાની હકીકત વાંચી–સંભળાવી, સમજાવતા, આરોપી કોઈપણ જાતની ધાક ધમકી કે દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય તેમ જણાવે છે. જેથી આરોપીની ગુના સંબધે પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું સ્વીકારી અને તેમનો પ્રથમ ગુનો હોય અને પોતે બાળ–બચ્ચા વાળા હોય અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે હોવાનું જણાવી હળવી સજા કરવા વિનંતી કરેલ છે.

(૩) આરોપીઓની ગુનાની કબુલાત જોતા તે સ્વૈચ્છીક હોવાનું જણાય છે. જેથી આરોપીની ગુના કબુલાત સ્વીકારી આરોપીની ગુના અંગેની વિગતો તથા તેઓએ ગુનો કબુલ કરેલ છે તે હકીકત તેમજ **નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧),જી.એલ.આર.,પાનુ–૭૦૯,સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હિરાચંદજી ઠાકોર તેમજ ૨૦૧૩(૨) જી.એલ.આર. ૯૭૪ રમેશચંદ્ર ભીખાલાલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો હીતમાં આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી જણાતુ હોઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

૧. આ કામના આરોપીઓ (૧) રોહનભાઈ જગદિશભાઈ વસાવા રહે.નવા ભાગા સ્કુલ ફળીયુ,તા.વાલીયા જી.ભરૂચ (૨) પિંકેશભાઈ ચંપકભાઈ વસાવા રહે.નવા ભાગા સ્કુલ ફળીયુ,તા.વાલીયા જી.ભરૂચ (૩) પ્રતિકભાઈ રોહિતભાઈ વસાવા રહે.નવા ભાગા સ્કુલ ફળીયુ,તા.વાલીયા જી.ભરૂચ (૪) પ્રદિપભાઈ દિનેશભાઈ વસાવા રહે.જુનાભાગા, તા.વાલીયા જી.ભરૂચનાઓની ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૨ અન્વયે, જુગાર ધારાની કલમ: ૧૨ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી,પ્રત્યેક આરોપીને રૂા.૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ કરવામાં આવે છે અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. આરોપીઓ દંડ ના ભરે તો, દિવસ-૦૫ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય બાદ સરકાર જમા કરવાનો હુકમ કરવામાં આવે છે અને મુદામાલ વાહન/મોબાઈલ અંગેના વચગાળાનો હુકમ કાયમી કરવામાં આવે છે અને વાહન/મોબાઈલ જે બાકી રહેતુ હોય તેની માલીકીની ખરાઈ કરી અપીલ સમય બાદ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે તથા અન્ય મુદામાલ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. નાઝરશ્રીએ કુલ **રૂા.૮૦૦/- (અંકે રૂપિયા આઠસો પુરા)** દંડ વસુલ લેવો.

આજ રોજ સ્પેશીયલ સીટીંગમાં તારીખ–૧૧મી, માહે–જુલાઈ સને–૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : વાલીયા.

(એ.એમ.સોની)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વાલીયા.
**યુનીક જજ કોડ – ૦૧૬૩૬**